R.N.I. No. : GUJGUJ/2000/447- GAMC NO. : 989 /2012-14/ Valid upto31 Dec/ 2014 -Posted at A'bad PSO - Monday
Ahmedabad Jurisdiction
અયૂબ ૪૦ : ૧૬

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા
(મો)૯૮૨૫૧૬૯૩૮૬
વેબ સાઇટ :http://jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com
ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬

If undelivered pl. return to;
(સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો)

આપનું લવાજમ બાકી છેલ્લા ( ) ( )-ના ( )

કાર્યાલય :૨/૧૦ સોલિટેર એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી, અમદાવાદ-૭

YEAR-21 • ISSUE: 33 DATE: 18-08-2012• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

## મિઝોરામ ચર્ચીસે ૨૦૦૦થી વધુ મિશનરીઓને પીઠબળ પુરુ પાડ્યુ છે



ગત વર્ષે મિઝોરામના ચર્ચે ભારતના અને વિદેશના ૨૦૦૦ મિશનરીઓને પીઠબળ પુરુ પાડ્યું છે.સ્ટેટેસ્ટીકલ એબસ્ટર્ક ઓફ મિઝોરામ ૨૦૧૧,માં ડાયરેક્ટરેટ ઓફ ઈકોનોમીક્સ એન્ડ સ્ટેટેસ્ટીક દ્વારા પ્રકાશિત થયેલ વિગતો મુજબ ૨૩૮૨ મિશનરીઓને મિઝોરામના આઠ જુદા જુદા ચર્ચો અને તેમની સંસ્થાઓ ટેકો આપ્યો હતો.પ્રેસબ્રીટેરીયન ચર્ચ ઓફ મિઝોરામ દ્વારા ૯૯૦ મિશનરીઓને ટેકો આપવામાં આવ્યો હતો.જેમાં૪૭૨ મહિલા મિશનરી અને ૫૧૮ પુરુષ મિશનરી હતા.બેપ્ટીસ ચર્ચ ઓફ મિઝોરામ દ્વારા ૫૭૭ મિશનરીઓને ટેકો આપવામાં આવ્યો હતો.યુનાઇટેડ પેન્ટીકોસ્ટલ ચર્ચ (નોર્થ ઇસ્ટ ઇન્ડીયા)એ ૧૨૫ મિશનરી અને યુનાઇટેડ પેન્ટીકોસ્ટલ ચર્ચ (મિઝોરામ) દ્વારા ૮૩ મિશનરીઓને ટેકો આપવામાં આવ્યો હતો.આ યાદીમાં ઉમેરો કરતાં, સાલ્વેશન આર્મીએ ૨૮૧ મિશનરીઓ,સેવન્થ ડે એડવન્ટીસ્ટ ૫૭ મિશનરીઓ, ઇવેન્જલીકલ ચર્ચ ઓફ મારાલેન્ડ દ્વારા ૨૪૭ મિશનરીઓ,અને લાઇરામ ઇસુઆ ખ્રિસ્તા બેપ્ટીસ કોહરાન/જીસસ ક્રાઇસ્ટ બેપ્ટીસ ચર્ચ ઓફ લઇરામ દ્વારા ૨૨ મિશનરીઓને ટેકો આપવામાં આવ્યો હતો.

ભારત દેશમાં સૌથી વધુ પછાત વિસ્તાર તરીકે ગણાતુ રાજ્ય હોવા છતાં મિઝોરામના ચર્ચો નાણાં ઉભા કરવામાં નિષ્ફળ નિવડ્યા નથી.અને ઈશ્વરના કાર્ય માટે તેઓ તે માટે કાર્ય કરી રહ્યા છે.તેવું મિઝોરામ પ્રેસબ્રિટેરીયન ચર્ચના લીડર ઝોસંગલીયેના કોલીને જણાવ્યું હતું.

પોતાના દશાંશો ઉપરાંત મિઝોરામના ખ્રિસ્તીઓમાં દરેક વખતે જમતાં પહેલા એક મુઠ્ઠી ચોખા દાન માટે અલગ કરવાની રસમ છે.દર સપ્તાહે આ પ્રકારે દાન માટે અલગ કરાયેલ ચોખા એકઠા કરી તેને વેચવામાં આવે છે અને તે નાણાં મિશનરીઓ પાછળ વપરાય છે.આ પ્રથા ૧૯૧૪થી શરુ કરવામાં આવી છે.મિઝોરામ રાજ્યમાં પ્રેસબ્રિટેરીયન ચર્ચના ૪,૭૨,૮૪૦ સભ્યો છે.બીસીએમ ના ૧,૪૬,૩૩૧, યુપીસી-એનઇઆઇ ના ૯૧,૭૨૦, યુપીસી-એમઝેડ ના ૪૧,૫૫૮, સાલ્વેશન આર્મીના ૫૫,૭૯૧ અને સેવન્થ ડે ના ૧૯,૨૩૫ સભ્યો છે.રાજ્યમાં ૨૬૧૨ ચર્ચો આવેલા છે.રાજ્યમાં ૧૮૪ સ્કુલો ચલાવાય છે જે પૈકીની ૮૯ સ્કુલો પ્રેસબ્રિટેરીયન ચર્ચ ચલાવે છે. અને ૪૬ રોમન કેથલીકો દ્વારા ચલાવાય છે. મિઝોરામમાં કુલ ૯,૧૧,૫૪૩ ખ્રિસ્તીઓની વસ્તી છે જે કુલ વસ્તીના ૮૪ ટકા છે.મિઝોરામ સરકારના વસ્તી ગણત્રીના આંકડાઓ મુજબ રાજ્યમાં ૩૧,૫૬૨ હિંદુઓ, ૧૦,૦૦૯ મુસ્લીમો,૩૨૬ શીખ અને ૧૭૯ જૈનની વસ્તી છે.૩૧૦૫ લોકો બીજા ધર્મના છે તેવું બતાવાયું છે.બુધ્ધીઝમમાં માનનારા ૭૦,૪૯૪ લોકો છે જેઓ રાજ્યમાં ખ્રિસ્તી પછી સૌથી વધારે વસ્તી ધરાવે છે.આ વસ્તી ગણત્રીના આંકડાઓ ૨૦૦૧ની વસ્તી ગણત્રીને આધિન છે.જેમાં ખ્રિસ્તીઓની કુલ વસ્તીના આંકડા પ્રમાણે ૭,૭૨,૮૦૯ વસ્તી હતી.મિઝોરામ નોર્થ ઇન્ડીયામાં સેવન સીસ્ટરના નામે ઓળખાય છે. આ રાજ્યની સરહદો ત્રીપુરા, આસામ, મણીપુર,બંગલાદેશ, બર્મા સાથે જોડાયેલ છે.અંગ્રેજ મિશનરીઓને કારણે રાજ્યની કુલ વસ્તીના ૮૮.૪૯ ટકા લોકો શિક્ષિત બન્યા છે.

મિઝોરામના ખ્રિસ્તીઓ દ્વારા જે મિશનરી કાર્યને ઉત્તેજન આપવામાં આવી રહ્યુ છે તે સરાહનીય છે.અન્ય મિશનો પર તેના પરથી દાખલો લેવો જોઇએ.ઇસુએ આપેલા આદેશોનું પાલન કરવાની સહુકોઇની ફરજ છે.

## ગરીબાઇ નાબુદ કરવા માટેનો સંદેશ આપતી મીકાહ ચેલેન્જે ડીવીડી બહાર પાડી

૨૦૧૫ની સાલ સુધી વિશ્વભરમાંથી ગરીબી નાબુદ કરવાની ચળવળ શરુ કરનાર મીકાહ ચેલેન્જે તેનો સંદેશો આપતી એક ડીવીડી પ્રસિધ્ધ કરી હતી.વિશ્વભરમાં વસતા તમામ ખ્રિસ્તી ભાઇ-બહેનોને આ ચળવળમાં સામેલ થવા અને ગરીબોને મદદરુપ બનવા હાકલ કરી હતી.મીલેનીયમ ડેપલપમેન્ટ ગોલ સુધી પહોચવા માટે તમામ સરકારોને પણ અપીલ કરવામાં આવી હતી.ખ્રિસ્તીઓને આ મોરચે મદદરુપ બને માટે ગાઇડ રુપે મીકાહ ચેલેન્જે, ક્રિશ્ચિયન એડ અને કોમ્પાસન-યુકે ની ભાગીદારીમાં આ ડીવીડી પ્રસિધ્ધ કરી છે તેનું નામ છે "ધ જીસસ એજન્ડા "આ ૯ સપ્તાહ આધારિત ડીવીડીમાં બાયબલ અને સામાજીક બાબતોનો સમન્વય કરવામાં આવ્યો છે.જેમાં બાયબલમાંથી લુક ૪, ૧૮-૧૯ કલમો ટાંકવામાં આવી છે.જે કહે છે કે "પ્રભુનો આત્મા મારા પર છે, કેમકે દરિદ્રિઓ આગળ સુવાર્તા પ્રગટ કરવા સારુ તેણે મારો અભિષેક કર્યો છે,બંદીવાનોને છુટકો,તથા આંધળાઓને દ્રષ્ટિ પામવાનું જાહેર કરવા, ઘાયલ થયેલાઓને છોડાવવા તથા પ્રભુનું માન્ય વરસ પ્રગટ કરવા સારુ તેણે મને મોકલ્યો છે." આ આધાર વચન ડીવીડી માટે લેવામાં આવ્યું છે.જેમાં ગરીબો માટે તમારે મહત્વનો રોલ ભજવવાનો છે.ધ જીસસ એજન્ડાનો હેતુ ઇશ્વરની ગરીબો પ્રત્યેની કરુણા પ્રગટ કરવાનો છે.ઇસુના અનુયાયીઓ ગરીબો અને કચડાયેલા પ્રત્યે કરુણાળુ અને માયાળુ બને.રેવ. જોએલ એડવર્ડ, મીકાહ ચેલેન્જ, ઇન્ટરનેશનલ ડાયરેક્ટરે આ જણાવ્યું હતું.

ઇસુના અનુયાયીઓ કેવી રીતે ત્યજાયેલા,નિરાધાર અને ગરીબો માટે નવી સમજ ઉભી કરી શકે તે માટેની સમજ ડીવીડીમાં આપવામાં આવી છે.ધ જીસસ એજન્ડા સમગ્ર વિશ્વની સરકારોમાં ગરીબો પ્રત્યે કરવાની કામગીરી અસરકારક કરી શકે તે માટેની વકીલાત કરે છે.૨૦૦૦ની સાલમાં ૧૮૯ દેશોએ ૨૦૧૫માં ગરીબી નાબુદ કરવાની યોજના પર હસ્તાક્ષર કર્યા હતા.આ ઉપરાંત આ દેશોએ મીલેનીયમ ડેવલપમેન્ટ ગોલ સાથે સાથે મળીને સઘિયારા પ્રયત્નો કરવાની પણ ખાત્રી આપી હતી. જેમાં ભુખમરો અને ગરીબી,પ્રાથમિક શિક્ષણ,જાતિ ભેદ,વર્ણભેદ નાબુદી, બાળકોનું ઘડતર, મહિલાઓની પ્રસુતિ વખતે અપાતી આરોગ્યની સુવિધાઓ ,એચઆઇવી/એઇડસ સામે લડાઇ, પર્યાવરણની સમસ્યાઓ વિગેરે બાબતો મુખ્ય હતી.આ તમામ બાબતોને લક્ષમાં લેતા,તમામ ધર્મોના સભ્યોને સાથે લેતા,સામાજીક બદલાવ લાવવાની ઝુંબેશમાં ચર્ચનો પણ સાથ સહકાર જરુરી છે.તેથી આ સમયે ઇસુનો સંદેશ પ્રેમ અને કરુણાનો છે તેને ફેલાવવાનો છે અને જેમણે તેને નથી સાભળ્યો તેની પાસે પહોચાડવાનો છે.




ઇયાન હેમીલ્ટન, કોમ્પાસન,સીઇઓ,યુકેએ જણાવ્યું હતુ કે જોએલ એડવર્ડના આ પ્રોજેક્ટને અમો પુરા હૃદયથી આવકારીએ છીએ અને તેમની પડખે ઉભા રહ્યા છીએ.અમો માનીએ છીએ કે ઇશ્વરમાં માનતા લોકો ઇસુએ જે આદેશ આપ્યો હતો તે સત્ય,ન્યાય,પ્રેમ,કરુણાને આપણી જવાબદારી ગણી વિશ્વભરના ગરીબોની વહારે જઇએ.

સમાચાર સંપાદન
શ્રી સંજય પોલ ચૌહાણ

## નાઇજીરીયામાં બોકો હરામના હુમલામાં બે ભારતીયોના મોત

નાઇજીરીયામાં મેઇડુગુરી ખાતે આવેલ ફેકટરી પર ઇસ્લામિક કટ્ટરવાદી સંગઠન બોકો હરામ દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો જેમાં બે ભારતીય શંકર સહા અને બોકુલચંદર મોન્ડલના મોત નિપજ્યા હતા.મિલિટરી ટાસ્ક ફોર્સના સગીર મુસાના જણાવ્યા પ્રમાણે ભારતીય દ્વારા ચલાવાતી ગમ ફેકટરી પર બોકો હરામના આંતકીઓએ હુમલો કર્યો હતો.જેમાં બે ભારતીયોના મોત થયા અને એક ગંભીર રીતે ઘાયલ થયો હતો.ઘાયલ બ્રીરેશ યાદવને નજીકની હોસ્પીટલ મેઇડુગીરી યુની.ટીચીંગ હોસ્પી.માં દાખલ કરવામાં આવ્યો હતો.ભારતીય હાઇકમિશ્નન, અબુજાએ નાઇજીરીયન ફોરેન મીનીસ્ટ્રીને તેમજ સ્થાનિક ગર્વનરને બનાવની તપાસ કરવા જણાવ્યું હતું.હજુ સુધી હુમલા અંગે કોઇએ જવાબદારી સ્વીકારી નથી. બોકો હરામ દ્વારા નાઇજીરીયામાં ખ્રિસ્તીઓ પર,તેમજ ચર્ચો પર અવારનવાર બોંબથી હુમલાઓ કરવામાં આવે છે.તેમનો મકસદ નાઇજીરીયાને ઇસ્લામીક રાજ્ય બનાવવાનો છે.૨૦૦૯ થી અત્યાર સુધીમાં તેમણે ૯૦૦ થી વધુ લોકોને મોતને ઘાટ ઉતાર્યા છે.ગત માસમાં તેમણે કરેલા હુમલામાં જોસ સીટીમાં ૫૮ ખ્રિસ્તીઓને મારી નાંખ્યા હતા.બોકો હરામ એવું કહે છે કે દેશમાં વસતા તમામ ખ્રિસ્તીઓ કાં ઇસ્લામનો અંગીકાર કરે,અથવા મોતનો સામનો કરે.

નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઇટ ઉપર તથા ફેસબુક http://facebook.com/robin.dholakiaઉપર નવક્રાન્તિ સાપ્તાહિક જોઇ શકાશે.

# નવક્રાંતિ

શબ્દોની રમતે સંસદમાં ઉગ્રતા પેદા કરી.વિરોધપક્ષના શ્રી અડવાણીએ જે શબ્દોનો ઉપયોગ કર્યો તેમાં તેમને શબ્દો પાછા ખેચવા પડ્યા.તેમના શબ્દોનો અર્થ એવો થતો હતો કે તેથી ચુંટાયેલી સરકારને ખોટી ઠેરવી શકાય.ખેર,ભારે ઊહાપોહ બાદ શબ્દો પાછા ખેચાયા.કેટલાક લોકોને પોતાના શબ્દો દ્વારા લોકોનું ધ્યાન આર્કષિત કરવાનો ઈરાદો હોય છે.બીજેપીના સાંસદોનો ઈરાદો સંસદને કોઈપણ રીતે અન્યત્ર વાળવાનો કે ખોરવી નાંખવાનો દેખાય છે.અડવાણીના શબ્દોથી તેમણે પીછેહઠ કરવી પડી.ત્યારબાદ નવા ગૃહમંત્રી સુશીલકુમારે એક સાંસદને તેમના પ્રશ્ન બાબતે જવાબ આપતાં વાસ્તવિકતાનો તફાવત સમજાવવા માટે તેમના કાર્યક્ષેત્રનો દાખલો આપ્યો.બસ, જેમણે શબ્દો માટે પીછેહઠ કરવી પડી હતી તેમને તક સાંપડી અને સંસદના વાતાવરણને ડહોળ્યુ, છેવટે ગૃહમંત્રીએ પોતાનો શબ્દો પાછા ખેચ્યા.બેઉ બાબતોમાં મોટો તફાવત હતો.પ્રથમ શબ્દ ઉપયોગનો વિરોધ એટલા માટે હતો કે તેમાં સત્તાપક્ષની અધિકૃતતાને પડકારવામાં આવી હતી.અને બીજા શબ્દ પ્રયોગમાં વાસ્તવિકતાને સમજવા માટે એક દાખલો આપવામાં આવ્યો હતો.

## આસામમાં પીવાના પાણીની સમસ્યા ગંભીર બની છે



દસ હજારથી વધુ લોકો પીવાના પાણીથી વંચિત છે.આસામમાં આવેલા પુરના કારણે પીવાના પાણીની સમસ્યા ઉદભવી છે.રામ કિશન,ક્રિશ્ચિયન એડના રીજન ઈમરજન્સી મેનેજર સાઉથ એશીયાએ જણાવ્યું હતું કે પીવાના પાણી માટેનો મુખ્ય સ્ત્રોત એ આ વિસ્તારના લોકો માટે હેન્ડપંપ અને કુવાઓ છે.પરંતુ પુર પ્રકોપને કારણે હેંડપંપ અને કુવાઓ ડુબી ગયા છે.અન્ય લોકો નદીના પાણીથી ચલાવી લેતા હતા.હવે આજે ચોમેર પાણી હોવાથી સેનેટેશનનો ગંભીર પ્રશ્ન સતાવી રહ્યો છે.જેના કારણે ચોખ્ખા પીવાના પાણીનો પ્રશ્ન ઉભો છે.

પીવાના વપરાશમાં લઈ શકાય નહી તેવું પાણી વપરાશમાં લેવાથી પાણીજન્ય રોગો થવાનો સંભવ છે.તેથી ક્રિશ્ચિયન એડ દ્વારા પાણી શુધ્ધ કરવાની ટીકડીઓનું વિતરણ,તથા કેમ્પોમાં સેનટરી બ્લોક્સનું બાંધકામ,હેંડપંપો લગાવવાની કામગીરી,કરવામાં આવી રહી છે.જેથી પરિસ્થિતિ થતો બગાડ અટકાવી શકાય.ધેમાજી જીલ્લામાં પચાસ હજારથી વધુ લોકો પ્રભાવિત છે તેમને માટે પાણી,સેનીટેશન અને હાઈજીનની વ્યવસ્થા સંસ્થા દ્વારા કરવામાં આવી રહી છે.

## આસામમાં શાંતિ સ્થાપવા ચર્ચની અપીલ, વિસ્થાપિતોના પુનઃવસન માટે અપીલ



પ્રોટેસ્ટંટ અને કેથોલીક ચર્ચોએ આસામમાં થયેલ કોમી હુલ્લડો પ્રત્યે ઊંડા દુઃખની લાગણી વ્યક્ત કરી હતી.જેમાં ૪૦ લોકોના જાન ગયા હતા અને ૧,૭૦,૦૦૦ લોકાને પોતાના જાન બચાવવા ધરો છોડીને ભાગી જવું પડ્યું હતું.કેથોલીક બિશપ્સ કોન્ફરન્સ ઓફ ઈન્ડીયાએ આસામના લોવર વિભાગોમાં ફાટી નિકળેલી કોમી હિંસા માટે દુઃખ વ્યક્ત કર્યુ હતું. તેવું સીબીસીઆઈના સેક્રટરી જનરલ આર્ચબિશપ આલ્બર્ટ ડીસોઝાએ જણાવ્યું હતું.કેથોલીક નેતાએ જણાવ્યું હતું કે માનવતા વિહોણા,મગજવગરના લોકોએ આચરેલી હિંસાને કારણે અનેક નિર્દોષ લોકોને સહન કરવું પડ્યું છે.

નેશનલ કાઉન્સીલ ઓફ ચર્ચીસ ઈન ઈન્ડીયા,જે પ્રોટેસ્ટંટ અને ઓર્થોડોકસ ચર્ચીસની એપેક્ષ બોડી છે તેમણે પણ આસામની કોમી હિંસાને વખોડી કાઢી હતી.જેમા ખાસ કરીને કોકરાજહાર,ધુબરી અને ચીરાંગ જીલ્લાઓમાં કેર વર્તાવાયો હતો.૨૦૦૮માં કોકરાજહાર આજ પ્રકારની ઘટનાઓ બની હતી જેમાં ૫૫ લોકોના જાન ગયા હતા અને હજારો લોકો વિસ્થાપિત બન્યા હતા.તે પૈકીના હજુ કેટલાંય લોકો એવા છે કે તેઓ ફરીથી તેમના સ્થાનો પર જઈ શક્યા નથી.

આ ખરેખર એટલી બધી દુઃખદ બાબત છે કે ફરીથી આ ઘટનાનું પુનરાવર્તન થઈ રહ્યું છે,જેમાં અનેક લોકો વિસ્થાપિત થયા છે,તેમની માલ મિલક્તનો નાશ કરવામાં આવ્યો છે અને કેટલાંક માનવ જીવનો મિટાવી દેવામાં આવ્યા છે.તેવું એનસીસીઆઈના જનરલ સેક્રટરી,રોજર ગાયકવાડે જણાવ્યું હતું.

તેમણે ઉમેર્યુ હતું કે ભારતમાં નાગરિકોની સલામતીનું પ્રમાણ ઘટતુ જાય છે,જો કે સલામતીની વ્યવસ્થાઓ ઉપલબ્ધ હોવા છતાં,તે સુચવે છે કે જે તોફાનીઓ આ તોફાનો પાછળ સંડોવાયેલા છે તેમનો ભુતકાળમાં ઓળખી કાઢવામાં આવ્યા નથી કે તેમને સજા કરવામાં આવી નથી.સત્તાવાળાઓ અગ્રીમતાથી પગલાં લીધા હોત તો આવી ઘટનાને ટાળી શકાઈ હોત.સામાજીક એકતાની સાથે આપણે જે લોકોએ સહન કર્યું છે તેમના તરફ લાગણી દર્શાવીએ.બેઉ કોમોએ ઉશ્કેરણી અને હિંસાનો ત્યાગ કરવો જોઈએ.

એનસીસીઆઈએ તેમના તમામ ચર્ચોને શાંતિ માટે પ્રાર્થના કરવા આહ્વવાન આપ્યુ હતું.તેમજ શાંતિ સ્થપાય માટે લોકોમાં જવા અપીલ કરી હતી.તેમજ જેઓ અસરગ્રસ્તો છે તેમને જરુરી મદદ પહોચાડવાની પણ અપીલ કરી હતી.જેથી જે લોકો ઘરબાર વગરના બન્યા છે તેમને, બાળકો અને જેમના જીવનો સતત ભયમાં છે તેમને મદદરુપ બની શકાય.જુદા જુદા રાહત કેમ્પોમાં ના લોકોને મદદ પહોચાડવા માટે ચર્ચો અને વિવિધ ખ્રિસ્તી સંસ્થાઓને અપીલ કરવામાં આવી હતી.બોડો હિંદુ અને મુસ્લીમ લઘુમતી હિજરતીઓ વચ્ચેજુલાઈ ૧૯ના રોજ એક બંધુકધારીએ બે વિદ્યાર્થી નેતાઓ પર મુગરબાન ખાતે હુમલો કરતાં પરિસ્થિતિ કોમી રમખાણોમાં પરિવર્તીત થઈ હતી.

## બ્રાઝિલમાં ખ્રિસ્તીઓએ વિશાલ રેલી 'માર્ચ ફોર જીસસ'નું આયોજન કર્યુ



બ્રાઝિલીયન સીટી સાઓ પાઉલો ખાતે એક જબરજસ્ત ખ્રિસ્તી રેલીનું આયોજન થયું હતું.બીબીસીના જણાવ્યા પ્રમાણે માર્ચ ફોર જીસસ રેલીમાં એક મીલીયન જેટલા લોકોએ ભાગ લીધો હતો.વિશ્વમાં સૌથી મોટી ખ્રિસ્તી રેલી તરીકે ગણના થાય તેવી વિશાલ રેલી હતી.ગોસ્પલ સંગીત સાથે લોકોએ સીટીની મુખ્ય સ્ટ્રીટોમાં થઈને રેલી નીકળી હતી.૧૯૯૩થી આ પ્રકારે રેલીનું આયોજન કરવામાં આવે છે.બ્રાઝિલમાં મોટે ભાગે રોમન કેથોલીક ખ્રિસ્તીઓ છે.પરંતુ ઈવેન્જલીકલ ચર્ચોએ તાજેતરના વર્ષોમાં ખુબજ પ્રગતિ કરી છે.રીસ્ટન્ટ સ્ટુડીયો દ્વારા જણાવાયું હતું કે ૨૦૨૦ સુધીમાં ઈવેન્જલીકલ્સ બ્રાઝીલીયનની કુલ વસ્તીના પચાસ ટકા જેટલા થઈ જશે.

★ લગ્ન વિષયક ★

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત લગ્નવિધિ કરાવનાર

ગીડીયોન પોલ પરમાર

(ગર્વ.મેરેજ રજીસ્ટાર)

નં. ૯, કનાન સોસાયટી, મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ

૦૨૬૯૨-૨૫૦૯૬૯ મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૩૨૩૯૬

વિનંતી



તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.

| નડીયાદ ખાતે લવાજમો સ્વીકારશે. | અમદાવાદ ખાતે લવાજમો સ્વીકારશે. |
|---|---|
| શ્રી ભાઈલાલભાઈ ટેલર, પાર્ક સ્ટ્રીટ,મેથોડિસ્ટ નર્સીંગ હોસ્ટેલ સામે,મિશન રોડ, નડીયાદ.૨<br>શ્રી વિલિયમભાઈ ટી.પરમાર, નવદીપનગર, પવનચક્કી રોડ, નડીયાદ.૨<br>શ્રી.એસ.કે અમીન, આર્શીવાદનગર, રામતલાવડી, નડીયાદ.૨ | શ્રી લોઈડભાઈ ક્રિશ્ચિયન,<br>જીવન સાહિત્ય ભંડાર, શારોન એવન્યુ, જુની ક્રિશ્ચિયન સોસા.ચર્ચ સામે, મણીનગર, (પુર્વ), અમદાવાદ.૮<br>ઓલ ઈન્ડીયા ક્રિશ્ચિયન કાઉન્સીલ, શારોન એપાર્ટ,ક્રિશ્ચિયન કોલોની, બહેરામપુરા,અમદાવાદ.૨૨ |

આણંદ ખાતે લવાજમ સ્વીકારશે

૧.શ્રી કિરીટભાઈ પોલ ક્રિશ્ચીયન, શાંતિનગર સોસા.પરીખ ભુવન પાછળ,આણંદ.૧ મો.૯૯૨૪૪૭૨૮૯૫

૨.શ્રી સુનીલકુમાર એમ. ઈમાનુએલ સોસા.ભાલેજ રોડ, આણંદ.૧ મો.૯૭૧૨૭૪૫૧૯૫ ૦૨૬૯૮૨-૨૫૯૨૩૪

૩.શ્રી ગીદીયોલ પોલ, કનાન સોસા. ભાલેજ રોડ,આણંદ

આપના લવાજમો તેમને આપી આભારી કરશો.

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

કેર કોમ્પ્યુટર સેન્ટર

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

ગુજરાત સરકાર

# વિકાસની દિશામાં
# ગુજરાતની અનોખી સિધ્ધિઓ

**બીઆરટીએસ :**
શહેરમાં સરળ,પ્રદુષણ રહિત,ઝડપી એવી વિશ્વસ્તરની ''જનમાર્ગ બીઆરટીએસ'' સેવાનો સફળ અમલ કરનારુ ગુજરાત દેશભરમાં પ્રથમ

**વિશ્વનો સૌ પ્રથમ કેનાલ ટોપ પ્રોજેક્ટઃ**
નર્મદા કેનાલ ઉપર અનોખા સૌર ઊર્જા પ્રોજેક્ટ દ્વારા ઉર્જા ઉત્પાદન ઉપરાંત જમીનની બચત અને પાણીનું બાષ્પીભવન અટકાવવાનો ગુજરાતનો સફળ પ્રયાસ

**ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે ગુજરાતની આગવી પહેલ :**
દેશભરમાં પ્રથમ એવી રક્ષાશક્તિ યુનીવરસીટી,પેટ્રોલીયમ યુનીવરસીટી,ચિલ્ડ્રન યુનીવરસીટી, ઇન્સ્ટિટ્યુટ ઓફ સિસ્મોલોજીકલ રીસર્ચ સેન્ટર, ફોરેન્સીક સાયન્સિઝ યુનીવરસીટી,કામધેનું યુનીવરસીટીની સ્થાપના

**જ્યોતિગ્રામ :**
ગુજરાતની જ્યોતિગ્રામ યોજના એ રાષ્ટ્રમાં આ પ્રકારની બહુહેતુક પ્રથમ યોજના :
૧૮,૦૦૦ ગામો અને ૯૭૦૦ પેટા પરા વિસ્તારમાં આ યોજના દ્વારા ૨૪ કલાક થી ફેઇઝ વીજળીનો અવિરત પ્રવાહ

**રોજગારીની તકો :**
રોજગારી ક્ષેત્રે પરિણામલક્ષી પગલાંને કારણે સતત ૭ વર્ષથી સૌથી વધુ રોજગારી પુરી પાડનારુ ગુજરાત બન્યું દેશભરમાં અગ્રેસર.વિવેકાનંદની ૧૫૦મી જન્મજયંતી વર્ષે યુવા રોજગાર સપ્તાહમાં એક સાથે ૬૫,૦૦૦ યુવાઓને રોજગારી

**મિશન મંગલમ્ :**
મહિલાઓને આર્થિક રીતે પગભર બનાવતી મિશન મંગલમ્ યોજનામાં ૨૬ લાખ સભ્ય સખ્યા ધરાવતા અઢી લાખ સખી મંડળોને રૂા.૧૬૦૦ કરોડનો કારોબાર મહિલાઓને સોપાયો

**એનીમલ હોસ્ટેલ :**
સાબરકાંઠા જિલ્લામાં આકોદરા ખાતે સમગ્ર દેશમાં પ્રથમ એનિમલ હોસ્ટેલનું નિર્માણ :
રાજયમાં નવી પાંચ એનિમલ હોસ્ટેલ સ્થાપવા રૂા.૨૧ કરોડ ખર્ચાશે.જે માટે ૯૦ ટકા સહાય રાજ્ય સરકાર આપશે.

**ઇ-મમતા કાર્યક્રમ :**
સગર્ભા માતાઓના સ્વાસ્થરક્ષા માટેના તમામ રેકોર્ડ ડીઝીટીલાઇઝડ થાય એ માટે ખાસ સોફટવેર ઈ-મમતા તૈયાર કરનાર ગુજરાત દેશભરમાં પ્રથમ :
૨૦ લાખ સગર્ભા પ્રસુતા માતાના
સ્વાસ્થનો ટ્રેક રેકોર્ડ

**મહિલા સમરસ ગ્રામ :**
વિકાસમાં મહિલાઓની ભાગીદારી :
રાજયમાં પહેલીવાર રચાયેલી ૨૫૦ મહિલા સમરસ ગ્રામપંચાયતોને સરકાર તરફથી મળ્યું વધારાનું રૂા.૭.૫૦કરોડનું અનુદાન : સમરસ ગામો બન્યા સમૃધ્ધ

**ચિરંજીવી યોજના :**
સમગ્ર દેશમાં ગુજરાતે શરુ કરેલી ચિરજીવી યોજનાના કારણે દવાખાનાઓમાં વિનામુલ્યે સારવાર મળતાં માતા અને બાળ મૃત્યુદરમાં નોધપાત્ર ઘટાડો :
ચિરજીવી યોજના દ્વારા ૭ લાખથી વધુ ગરીબ મહિલાઓની સલામત પ્રસુતિ



## ૬૬માં સ્વાતંત્ર પર્વે
## છ કરોડ ગુજરાતીઓને શુભકામનાઓ

### ૬૬મું સ્વાતંત્ર પર્વ જુનાગઢ ખાતે

## સૌનો સાથ...સૌનો વિકાસ

# ફુલનદેઇ ફ્રાન્સીસ,ને મેગસેસ-૨૦૧૨નો એવોર્ડ મળ્યો

ભુતપુર્વ ભારતીય પ્રીસ્ટ ફ્રાંસીસ જેઓ પીસ્ટની સેવાઓ છોડીને એક એનજીઓ શરુ કરી હતી.તેમના એનજીઓનું નામ ઇન્ટીગ્રેટેડ વિલેજ ડેવલપમેન્ટ પ્રોગ્રામ છે જે સંસ્થા તેમણે સ્થાપી હતી.જેમાં ૧૮૦૦ જેટલાં સેલ્ફ હેલ્પ ગ્રુપો છે અને તેમાં ૧,૫૩,૦૦૦ મહીલાઓ સંકળાયેલી છે.જે તામીલનાડુના ક્રિસ્નાગીરી અને ધર્માપુરી વિસ્તારોમાં કાર્યરત છે.ફ્રાંસીસને આ એવોર્ડ આપવા પાછળ તેમણે હજારો મહિલાઓને ગ્રામીણ વિસ્તારોમાં રોજગારી પુરી પાડવામાં મદદ કરી જેના કારણે હજારો મહિલાઓના કુટુંબોને આર્થિક રીતે પગભર થવામાં મદદ મળી.

જ્યારે તેમને આ એવોર્ડ મળ્યાની જાણકારી મળી ત્યારે તેમણે જણાવ્યું હતું કે તેમને આ જાણીને નવાઇ લાગી છે.પરંતુ આ બાબતથી અન્ય લોકોને પ્રેરણા મળશે.આ સામાજીક કાર્યકર ૨૪મી ઓગષ્ટે એવોર્ડ લેવા માટે ક્રિશ્નાગીરીથી જશે.પુર્વ સામાજીક કાર્યકર ફ્રાંસીસ,૧૯૭૦-૭૧માં હોલી ક્રોસ સોસાયટી સાથે જોડાયા હતા અને પ્રીસ્ટ બન્યા હતા.તેમના સેમીનરી સમય દરમિયાન તેઓ કારીતાસ ઇન્ડીયા તરફથી ચાલતા રાહત કાર્યક્રમોમાં ભાગ લીધો હતો.જે તેમના ધાર્મિક અભ્યાસનો એક ભાગ હતો.આ સમય દરમિયાન તેમણે લોકોની ગરીબી અને આર્થિક શિથિલતા પ્રત્યક્ષ નિહાળી હતી જે બાબતે તેમને એનજીઓ શરુ કરવાની પ્રેરણા આપી હતી.

ફ્રાંસીસના પ્રયત્નોથી હજારો મહિલાઓને ગરીબીમાં બહાર આવવાની મદદ પુરી પાડી છે તેમજ તેમને તેમના નાના ઉદ્યોગો શરુ કરવામાં લોનો મેળવવામાં પણ સહાય પુરી પાડી છે.

ફ્રાંસીસ સિવાય બીજા જેમને



મેગસેસ એવોર્ડ આપવામાં આવ્યા છે તેમાં ચેન-ચુ,તાઇવાન,રોમુલો દાવીદી,ફિલિપાઇન્સ,સઇદા રીઝવાન,બંગલાદેશ,યંગ સેંગ કોમા, કંબોડીયા,અને એબ્રોસીયસ રુવીન્દ્રીજાત્યો,ઇન્ડોનેશીયા છે.દરેક વિજેતાને એક સર્ટી,મેડાલીયન અને કેશ પ્રાઇઝ આપવામાં આવશે.જે ૧૯૫૭થી આપવામાં આવે છે.રેમોન મેગસેસ એવોર્ડ એશીયામાં અપાતું સૌથી મોટું માન છે.અને તેને નોબલ પ્રાઇઝ જેટલું જ માન આપવામાં આવે છે.

૨૦૧૨માં જેમને મેગસેસ એવોર્ડ આપવામાં આવ્યો છે તેમનુ સમાજમાં ગરીબી નિવારણ પેટે કરેલુ ઉમદા પ્રદાન છે તેમજ સમાજ શસક્તિકરણનું એક મહત્વનું યોગદાન છે.તેવું આરએમએએફના પ્રેસીડેન્ટકારમેનસીટા એબીલાએ જણાવ્યું હતું. પોતાની જાતે શક્તિશાળી અને પ્રભાવશાલીરીતે કાર્ય કરીને હજારો લોકોને પ્રગતિ કરવા માટે તેમજ વ્યક્તિગત જીવનોમાં ફેરફાર લાવી તેમને ઉન્નતિ તરફ લઇ જવા માટે કાર્ય કરવું એક મહત્વનું કાર્ય છે.મેગસેસ એવોર્ડ માટે નક્કી કરવાની પ્રક્રિયામાં જુદા જુદા ક્ષેત્રોમાં વ્યક્તિગત રીતે કરેલ કાર્યપ્રદાનને ધ્યાનમાં લેવામાં આવે છે.જેમાં ખેતી ઉત્પાદનમાં વધારો લાવવાની પ્રક્રિયા,એન્વાયરમેન્ટલ જસ્ટીસ,ફાર્મર એજ્યુકેશન,વુમન ઇકોનોમીક એમપાવરમેન્ટ,અને ગુડ એન્જયુકેશન ફોર ધ યંગનો સમાવેશ થાય છે.

મેગસેસ એવોર્ડ આપવામાં વ્યક્તિની કોઇ જાતિ,ધર્મ,વતન,રેસને મહત્વ આપવામાં આવતું નથી.તેમજ જેમણે હ્યુમન ડેવલપમેન્ટ ઇન એશીયા માટે કાર્ય કર્યું હોય તેમને પસંદગીમાં સમાવેશ કરવામાં આવે છે.આ એવોર્ડ ભુતપુર્વ ફીલીપાઇનના પ્રેસીડેન્ટ રામોન મેગસેસના માનમાં આપવામાં આવે છે.

ભારતમાં સામાજીક કાર્યોમાં કાર્ય કરનારા કેટલાંક સામાજીક કાર્યકરોને ભુતકાળમાં આ એવોર્ડથી નવાજમાં આવ્યા હતા.

# મણીપુરમાં ધર્મપરિવર્તન કાયદો દાખલ કરવા સામે ઉગ્ર વિરોધ

ઇન્ડીજીનીયસ પીપલ્સ ફોરમ દ્વારા મણીપુરમાં ધર્મપરિવર્તનનો કાયદો દાખલ કરવા માટે કરાયેલ કસરત માટે ઓલ ઇન્ડીયા ક્રિશ્ચિયન કાઉન્સીલે પોતાનો ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો.ધ ફ્રીડમ ઓફ રીલીજીયન બિલને ઇન્ડીજીનીયસ પીપલ્સ ફોરમ દ્વારા લુરા,ઇમ્ફાલ ખાતે યોજાયેલ એક દિવસીય વર્કશોપમાં બહાલી આપવામાં આવી હતી.વર્કશોપનો મુસદો કોન્સ્ટીટ્યુશનલ ઇન્ટરપ્રીટેશન ઓફ ફ્રીડમ ઓફ રીલીજીયન હતો.

ઓલ ઇન્ડીયા ક્રિશ્ચિયન કાઉન્સીલે જણાવ્યું હતું કે દેશના અને આંતરરાષ્ટ્રીય હ્યુમન રાઇટસના ફોરમોએ ધર્મપરિવર્તન ધારો એક જંગાલિયત ભર્યો કાયદો છે અને તે બંધારણના મુળભુત નાગરિકી અધીકારોનો ભંગ કરે છે.મણીપુરે છ દાયકા સુધી વિવિધ મુસીબતોનો સામનો કર્યો છે.તેથી આ રાજ્ય બીજા કોઇ જંગાલીયતભર્યા કાયદાની કિંમત ચુકવી શકે તેમ નથી.મણિપુર રાજ્યને હિદુત્વના એજન્ડા થકી કેટલાંક પરિબળો તેને ચલાવવાની કોશીશ કરી રહ્યા છે જે બરાબર નથી.

ધર્મપરિવર્તનનો કાયદો બીજા કેટલાંક રાજ્યોમાં અસ્તિત્વ ધરાવે છે જેવા કે ઓરીસ્સા,મધ્યપ્રદેશ,છત્તીસગઢ,ગુજરાત અને હિમાચલ પ્રદેશ.આ કાયદો જબરજસ્તીથી,કે કોઇપણ જાતના દબાણ કે લોભ લાલચથી કરાતાં ધર્મપરિવર્તન સામે રક્ષણ આપે છે.પરંતુ ખરેખર આ કાયદાનો ખ્રિસ્તીઓ વિરુધ્ધ દુરપયોગ થયો છે અને તેમની સામે ખોટા આરોપો કરવામાં આવ્યા છે.

ઓલ ઇન્ડીયા ક્રિશ્ચિયન કાઉન્સીલ એવું માને છે કે આ એક છુપી તરકીબ છે.જેની પાછળ હિદુત્વ કટ્ટરવાદી માનસ ધરાવનાર લોકોની આઇડોલોજી કાર્ય કરી રહી છે.જેથી તેઓ મણિપુરમાં આ કાયદો લાવવા માટે મહેનત કરી રહી છે.

કાઉન્સીલે લોકોને આ બાબતે જાગૃત થવા માટે અપીલ કરી છે.કારણકે આ પ્રકારના પ્રયત્નથી હિંદુ કટ્ટરવાદીઓ દ્વારા રાજ્યની શાંતિ અને સામાજીક એકતા જોખમાશે.જે પ્રમાણે ગુજરાત અને ઓરીસ્સામાં બન્યું તે પ્રમાણે.ધાર્મિક સ્વાતંત્રતાની જાળવણી કરવી તે દરેક નાગરિકનો બંધારણીય અધીકાર છે.દરેક વ્યક્તિને તેનો ધર્મ નક્કી કરવાનો કે ત્યજવાનો અધીકાર છે.

તાજેતરમાં યુનીવર્સલ પીરીઓડીક રીવ્યુમાં , યુએન હ્યુમન રાઇસ્ટ કાઉન્સીલ જીનીવામાં મળી તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.તેમાં જણાવાયું હતું કે કેટલાંક યુએનના સભ્ય દેશોએ ભારત દેશમાં ધર્મપરિવર્તનના કાયદા અંગે સવાલો ઉઠાવ્યા હતા.આવા કાયદાઓ અરુણાચલ અને રાજસ્થાનમાં પણ દાખલ થવાની તૈયારીમાં છે.


**જાહેરાત માટે સંપર્ક કરો**
નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386




કેથોલીક ચર્ચોએ ભારતના ૧૩માં રાષ્ટ્રપતિ બનેલા શ્રી પ્રણવ મુકરજીને અભિનંદન પાઠવ્યા હતા.કેથોલીક બિશપ્સ કોન્ફ.ઓફ ઇન્ડીયાના કાર્ડીનલ ઓસ્વાલ્ડ ગ્રેસીયસે પ્રેસિડેન્ટને ઉત્તમ નેતા અને દેશ માટે યોગ્ય વ્યક્તિ ગણાવ્યા હતા.તેમણે ચર્ચ અને સરકાર વચ્ચે સહકાર વધુ ગાઢ બનશે તેમજ ગરીબ અને નબળા લોકોની ઉત્થાન માટે તેઓ સેતુ સમાન બનશે,તેવી આશા વ્યક્ત કરી હતી.


## ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.તમારી જાગૃતતા અમારુ બળ છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬



## ★ નીલા ફાઇનાન્સ ★

**આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?**

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

**નીલા સી.ગામડીયા**

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૯,૨૫૩૮૩૩૨૨



## શાલેમ મેરેજ બ્યુરો

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંછુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-**

**શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૫૭૪૩૭૦૪૩૨



તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.